જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૧/૨૦૧૫ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૩૮૮/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી ૯૮ લીટર દેશી દારૂ, ૧૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૩૮૯/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૨૩૯૦/૧૫

**કૃષ્ણનગર :** સારીકાબહેન રમણભાઇ પટેલ (રહે.સન બંગ્લોઝ, પાર્શ્વનાથ ટાઉનશીપ) એ તા.૨૬/૧૧/૧૫ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૧/૧૫ ના કલાક ૧૧/૦૦ થી તા.૨૧/૧૧/૧૫ સાંજનાં ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૫૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

## નજર ચુકવી ચોરી :- સમાચાર યાદી નં.૨૩૯૧/૧૫

**નારણપુરા :** ધર્મિષ્ઠાબહેન જીતેન્દ્રભાઇ (ઉ.વ.૭૪)(રહે.વિધ્યાવિહાર હાઇસ્કુલ પાસે, ઉસ્માનપુરા, જુનાવાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૧/૧૫ સવારનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે નાયકનગર પાસે બ્રહ્માકુમારી હોમ્સ સામેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન બે પુરૂષ (૩૫ થી ૪૫ વર્ષ આશરાના) ભેગામળી ધર્મિષ્ઠાબહેનને પોલીસ તરીકે ખોટી ઓળખ આપી, વિશ્વાસમાં લઇ, હાથે પહેરેલ સોનાની બે બંગડીઓ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- નજર ચુકવી ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દાઝી જતાં મૃત્યુ :** **સમાચાર યાદી નં.૨૩૯૨/૧૫**

**દાણીલીમડા :** રેશમાબહેન ઇમરાનભાઇ અંસારી (ઉ.વ.૨૨)(રહે.રહીમનગર, બોમ્બે હોટલ, દાણીલીમડા) તા.૧૯/૧૧/૧૫ બપોરનાં ૪/30 વાગ્યાના સુમારે પોતાનાં ઘરે પ્રાયમસ ઉપર ચા બનાવતાં હતા દરમ્યાન પ્રાયમસમાં ભડકો થતાં, શરીરે દાઝી જતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૧૧/૧૫ સાંજનાં ૪/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.

**પડી જતાં મૃત્યુ :** **સમાચાર યાદી નં.૨૩૯૩/૧૫**

**શહેરકોટડા :** રાજેશભાઇ બેચરભાઇ પરમાર (ઉ.વ.૭૦)(રહે.બાલાપીર મીલની ચાલી, સરસપુર) તા.૨૫/૧૧/૧૫ રાતનાં ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક ઝઘડો બોલાચાલી કરતાં ઇસમોને રાજેશભાઇ નાઓ વચ્ચે પડી છોડાવવા જતાં,ધક્કો વાગતાં પડી જતાં રાજેશભાઇ નું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માતમોત નોધી,આ અંગેની તપાસ હેકોશ્રી અરખાભાઇ કરશનભાઇ ચલાવે છે

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૩૯૪/૧૫**

**ઘાટલોડીયા :** સ્મીતાબહેન વા/ઓ કૃષપભાઇ શાહ (ઉ.વ.૩૩)(રહે,શિવાનંદ એપાર્ટમેન્ટ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૧૫ સાંજનાં ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)